# જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ ,મુંબઈ

## જૈન તીર્થોની ભવ્ય ગાથા- વ્યાખ્યાન માળા

### વ્યાખ્યાન – ૮ ઉત્તરપ્રદેશના જૈન તીર્થો-૩

વ્યાખ્યાતા- શ્રી અર્પિતભાઈ શાહ
તારીખ – ૦૪/૦૨/૨૦૨૩

આજના વ્યાખ્યાનનો પ્રારંભ ખૂબ જ મહત્વના તીર્થ એવા અયોધ્યા તીર્થથી કરીશું. જૈન હેરિટેજ અને ઇન્ડિયન હેરિટેજ માટે પણ ખૂબ જ મહત્વના એવા આ તીર્થ છે. સરયુ અને ઘાઘરા નદીના કિનારે વસેલું આ ખૂબ જ પ્રાચીન તીર્થ છે.આપણા યુગાદી દેવ પ્રથમ તીર્થંકર એવા શ્રી આદિનાથ પરમાત્મા ની આ જન્મભૂમિ રહી ચૂકી છે. ઈક્ષ્વાકુ ભૂમિ કૌશલ કૌશલા વિનીતા અયોધ્યા  રામપુરી અને સાંકેત પુરીના નામે આ નગરી વિખ્યાત છે. કૌશલ જનપદ ની રાજધાની નું નગર એટલે અયોધ્યા. એમાં કુલકરો થઈ ગયા એની આપણે વાત કરીએ. એમ કહેવાય છે કે એવી માન્યતા છે કે રાજ્યભિષેકના સમયે યુગલિક કાળ હતો. એ સમયે જ્યારે પ્રભુનો રાજ્યાભિષેક થયો ત્યારે પ્રભુના અંગૂઠે અભિષેક કર્યો અને તે ખૂબ વિનંતી કર્યો એટલે દેવનગરીનું નામ વિનીતા નગરી પડ્યું એટલે એનું હજી એક જે નામ છે વિનીતા નગરી એ નામ કેવી રીતે પડ્યું એનું કીવદંતી રૂપે ઉલ્લેખ છે. અને યુગલિક કાળ જ્યારે જેની સમાપ્તિ પૂર્ણાહુતિ થઈ ત્યારે ત્યારે કલ્પવૃક્ષ મનવાંછિત ફળ  આપવાનું બંધ થઇ ગયા. ત્યારે ઋષભદેવ રાજાએ અસી મસી કૃષિ આદિ બધી વિદ્યાઓ શીખવાડી. સ્ત્રીઓ ની 64 અને પુરુષોની 72 કળાઓ શીખવાડી અને શિલ્પ વગેરે તમામ કલાઓ અયોધ્યા નગરીથી શરૂ થઈન એટલે એમ કહી શકાય કે અયોધ્યા તો સંસ્કૃતિનું પારણું કહેવાય એવી આ અદભુત નગરી છે.

ઋષભદેવ કલ્યાણ ના ત્રણ કલ્યાણકો અહીં થયા છે ચ્યવન જન્મ અને દીક્ષા અને ત્યારબાદ ચાર તીર્થંકરોના અજીતનાથ ભગવાન, અભિનંદન સ્વામી, સુમતીનાથ ભગવાન અને અનંતનાથ આ ચારેય પરમાત્માના ચાર ચાર કલ્યાણકો થયા છે એટલે કુલ 19 કલ્યાણકોની

આ ભૂમિ રહી છે. આપણે  જાણીએ છીએ કે રામ જન્મભૂમિ માટે અયોધ્યા સૌથી વધારે પ્રચલિત થઈ છે. આ રાજા રામની જન્મભૂમિ રહી છે. બાજુમાં રામચંદ્ર નીચેનું આજે શિલ્પ છે એ રાણીની વાવ પાટણનું શિલ્પ છે રામચંદ્રજીની ઉપર આપણે જોઈએ તો મસ્તક ઉપર નાનકડી તીર્થંકર પરમાત્માની પ્રતિમા છે, ખુબજ જૈન હેતુથી આ પ્રતિમાનું નિર્માણ થયું છે એમ આપણે કહી શકીએ છીએ. અને ભગવાન મહાવીરે આ ભૂમિ ઉપર વિહાર કર્યો હતો અહીં કોટી વર્ષના રાજવીને દીક્ષા આપી હતી. એ સમયે સાંકેત પુરી નામ હતું. બુદ્ધિષ્ટ લિટરેચર માં પણ સાંકેત ભૂમિ નામ આવે છે. ત્રીજા સૈકામાં આચાર્યશ્રી પાદલિપ્ત સૂરીજી જેના કારણે પાલીતાણામાં નામ પડ્યું એના ઉપરથી અયોધ્યા જન્મભૂમિ રહી છે. 14 મી શતાબ્દીમાં વિવિધ તીર્થ કલ્પમાં વિસ્તૃત  ઉલ્લેખ મળે છે કે અયોધ્યા નગરી એ સમયમાં કેવી હતી આચાર્ય શ્રી જીનપ્રભ સુરીશ્વરજી મહારાજા ચૌદમી સદીમાં લખે છે કે ઘાઘર અને સર્યું નદીના સંગમમાં એક  સ્વર્ગ દ્વાર બનેલું હતું. જિન મંદિરોમાં રત્નોના ગોખલા બનાવવામાં આવ્યા હતા. જીન ધર ચકેશ્વર અને ગોમુખની પ્રતિમાઓ હતી. નાભી રાજાનું મંદિર હતું. પાર્શ્વ વાટીકા સીતા કુંડ વગેરે જિનાલયો હતા. અને એ સમયમાં દેવેન્દ્ર સુરી અયોધ્યાના જૈન મંદિર માંથી ત્રણ મૂર્તિઓ લઈને શેરીસા તીર્થની સ્થાપના માટે લઈ ગયા. 13મી સદીમાં એનો વિસ્તૃત ઉલ્લેખ આપણને વિવિધ તીર્થ કલ્પમાં મળે છે.

પુરાતત્વની દ્રષ્ટિએ જો આપણે જોઈએ તો એવા આપણને આરકિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા ના ઘણા બધા રિપોર્ટ મળે છે કે જેને આજે આપણે રામ જન્મભૂમિ કહીએ છીએ એનું જ્યારેઉત્ખન્ન થયું હતું અને તે સમયમાં હિન્દુ આર્ટિફેકર્સ મળ્યા નહોતા પણ જૈન આર્ટિફેક્સ મળ્યા હતા જૈન પ્રતિમાઓ મળી હતી તેના એના જવલંત પુરાવો છે અયોધ્યા એક પ્રાચીન જૈનનગરી હતી આજે આપણે ભલે એને વૈદિક વૈદિક સંસ્કૃતિના હિસાબે જોતા હોઈએ પણ પુરાતત્વિક દ્રષ્ટિએ જોઈએ તો તો જે જન્મભૂમિ રામ જન્મભૂમિ છે ત્યાંથી આપણને જૈન મંદિર અને પ્રતિમાઓના અવશેષો મળે છે. અહીંના ઉત્ખનનથી એક ખૂબ જ પ્રાચીન પ્રતિમા એટલે ઇસવીસન પૂર્વેની ચોથી સદીની ખૂબ જ પ્રાચીન રૂડીમેટ્રી હિસાબથી બનેલી પ્રતિમા જેને કેવલી કહેવામાં આવે છે એ સમયમાં જે જેને આર્ટિફેકટ્સ નીકળ્યા હતા આરકીલોજીકલ સર્વે

ઓફ ઇન્ડિયા વી.વી લાલ દ્વારા તો જીનકેવલી નું નામ આપ્યું હતું. આ કોઈ કેવલી જીનની આ પ્રતિમા છે. સૌથી પ્રાચીનમાં પ્રાચીન પુરાતત્વીય દ્રષ્ટિએ અયોધ્યા નું ઘર કોઈ હોય તો જૈન આર્ટિફેક્ટ છે નહીં  કોઈ બૌદ્ધ  કે અન્ય. આર્ટિકલ દ્રષ્ટિએ પણ આ ખૂબ જ પ્રાચીન નગરી છે.

શ્વેતાંબર જિનાલય ની વાત કરીએ તો ખૂબ જ યુનિક ખૂબ જ અદભુત એક કોટ વિસ્તાર ની અંદર આપણું આ શ્વેતામ્બર જીનાલય આવેલું છે. જેની અંદર ચાર ઘુમતી અને બે શિખર બંધી જિનાલય છે શ્વેતાંબર જીનાલય કટરા મહોલ્લામાં નદી કિનારે સ્થિત છે અને માન્યતા એ છે કે જે વિવિધ તીર્થ કલ્પના નાભી રાજાના મંદિરની વાત કરવામાં આવી છે એ નાભી રાજાના ભૂમિ ઉપર આ સ્થિત છે. આ બે માળનું દેરાસર છે અને નીચે ભોયરુ પણ છે એટલે એમ કહી શકાય કે ત્રણ અલગ અલગ લેવલ છે આ જીનાલય ને એમાં સમોસરણની રચના છે .ઘણી છૂટી જૈન પ્રતિમાઓ છે,ચરણ પાદુકાઓ છે. અને અલગ અલગ સમયમાં 19 અને 20 મી સદીમાં  જીર્ણોદ્ધાર થયા છે. પાછળમાં અલગથી શિખરબંધ દેરાસર છે. સમય સમયમાં જ્યારે જીર્ણોદ્ધાર  થતા ગયા ત્યારે નવા નવા શિલ્પો આની અંદર ઉમેરાતા ગયા. એમાં બે ખંડ ત્રણ રંગ મંડપ અને ચાર છે ગુમટ છે મૂળનાયક પ્રભુ સાથે 19 જૂન અને 36 જોડી ચરણ પાદુકા બિરાજમાન છે. તીર્થમાં પ્રવેશ કરતાની સાથે આપણને આ રંગ મંડપ દેખાય છે. ઉપરની સાઈડમાં જોઈએ તો પરમાત્મા ના અલગ અલગ કલ્યાણકો દર્શાવવામાં આવ્યા છે એ સમયમાં કેવું ચિત્રણ કરવામાં આવ્યું હશે 20મી સદીની આ પેઇન્ટિંગ સ્ટાઈલ છે એ આપણને અહીં જોવા મળે છે. ગર્ભારા તરફ જતા આપણને મૂળ નાયક પરમાત્માના ગંભારો દેખાય છે એમાં પ્રાચીન પ્રતિમાઓ બિરાજમાન છે, જેના આપણે આગળ દર્શન કરીએ.

મૂળ નાયક અજીતનાથ પરમાત્માની ના પ્રતિમાના આપણે દર્શન કરીએ. અજીતનાથ પરમાત્મા ગર્ભગૃહમાં બિરાજમાન છે અને  એનો વિસ્તૃત ઇતિહાસ આપણે જાણીએ. ઇસવીસન 1821 માં ખરતર ગચ્છના આચાર્ય જિન હર્ષ સુરીશ્વરજી મહારાજા દ્વારા પ્રતિષ્ઠિત આ પ્રતિમા છે.આ જીનાલયને એક ખૂબ જ ખાસિયત છે. ખરતરગચ્છ ના આચાર્ય દ્વારા પ્રતિષ્ઠિત

તપાગચ્છ ના આચાર્ય દ્વારા પ્રતિષ્ઠિત અને અચલગચ્છના આચાર્ય દ્વારા પ્રતિષ્ઠિત પ્રતિમાઓ આજે પણ બિરાજમાન છે. ખૂબ જ યુનિક પ્રોસ્પેકટીવ થી આ દેરાસર ને આપણે જોઈ શકીએ છીએ .અહીં ખૂબ જ ૪૦૦ વર્ષ પ્રાચીન કુંવરપાલ સોનપાલ લોઢા જે જે સ્થળે સંઘમાં જતા હતા ત્યાં જઈને પ્રતિમાઓની સ્થાપના કરતા હતા. તો કુંવર પાલ સોનપાલ લોઢા દ્વારા ભરાવેલા આ આદિનાથ ભગવાનના પ્રાચીન પ્રતિમા છે, જે લગભગ 400 વર્ષ પ્રાચીન છે. અહીં આપણને એનો વિસ્તૃત લેખ પણ પ્રાપ્ત થાય છે કે આગ્રાના એવા લોઢા ગોત્ર ના એવા કુંવર પાલ અને સોનપાલ એવા સંઘવી દ્વારા અહીં પ્રતિષ્ઠા કરવામાં આવી છે અને અહીં આ શિલાલેખની ખાસિયત એ છે કે એમના તો નામ લખેલા જ છે સાથે સાથે બીજા મોટા આગેવાનો હતા એ સમયના એમના પણ નામ અહીં લખવામાં આવ્યા છે રૂપચંદ ચતુર્ભુજ ધનપાલ એ સમયના જેટલા પણ આગેવાનો હતા એમના નામ એની અંદર લખવામાં આવ્યા છે અને અચલગચ્છ ના પૂજ્ય ધર્મમૂતિ સુરીના જે પટ્ટધર હતા એવા કલ્યાણ સાગર જી મહારાજ ના ઉપદેશથી આ પ્રતિમા ની સ્થાપના થઈ હતી. એવી 400 ના વર્ષ પ્રાચીન આદિનાથ ભગવાનની પ્રતિમાના આપણે દર્શન કરીએ. આ સાથે આપણને અલગ અલગ પ્રાચીન પ્રતિમાઓ મળે છે સુમતિનાથ ભગવાન અજીતનાથ ભગવાન પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાઓ આપણને મળે છે. એમાં આપણે જોઈ શકીએ છીએ કે પાશ્વનાથ ભગવાનની આ નાનકડી પ્રતિમા છે, સવસ્ત્ર પ્રતિમા છે વસ્ત્ર સાથે આ પ્રતિમા નું અંકન કરવામાં આવ્યું છે. આ ખૂબ જ પ્રાચીન ગુપ્તકાલીન પ્રતિમા છે. એની સાથે આપણને એક ડાઉટ પણ છે કે કદાચ આ જૈન પ્રતિમા ના હોય આ એક બૌદ્ધ પ્રતિમા હોઈ શકે એનું કારણ આપણે આગળ માં જણાવીશું .જે વાત કરી એ અલગ પ્રતિમા હતી એની સાથે એક બીજું સવસ્ત્ર પ્રતિમા મળી છે સંપૂર્ણ વસ્ત્રધારી પ્રતિમા એટલે નીચે માત્ર કછોટો કટીસૂત્ર નહીં પણ ઉપરથી નીચે સુધી સવસ્ત્ર પ્રતિમા છે અને આ અભિનંદન સ્વામી ની પ્રતિમા છે. એવું માનવામાં આવે છે કે અભિનંદન સ્વામી ની ગુપ્તકાલીન પ્રતિમા છે પણ સ્કોલર દ્વારા આને એક જૈન પ્રતિમા નથી માનવામાં આવતી આને એક બૌદ્ધ પ્રતિમા માનવામાં આવે છે, એના ઘણા બધા કારણો છે. સૌથી પહેલા એની અંદરનો જે શિલાલેખ છે બહુ જ શ્લોક હૈ ધર્મ હેતુ પ્રભાવવા લખવામાં આવ્યો છે એટલે આ સૌથી મોટો સંદેહ થઈ જાય છે કે આ અભિનંદન સ્વામી ની પ્રતિમા નહીં

પણ બૌદ્ધ સંપ્રદાયની પ્રતિમા છે, બીજો સંદેશ એટલે આવે છે કે પરમાત્માના હાથમાં એક કટોરો છે એને બીજોરું આપણે કહીએ છીએ પણ એક્ચ્યુલી આ કટોરો છે અને નીચે જે લાંછન છે અભિનંદન સ્વામીનું  જેને આપણે કહીએ છીએ એવા એક વાનર છે અને બૌદ્ધ જાતક કથાઓમાં એક કથા પણ છે કે ગૌતમ બુદ્ધ વિચારતા હતા તો તે સમયે વૈશાલી નગરીમાં એક વાનર દ્વારા ગૌતમ બુદ્ધ નું પારણું કરવામાં આવ્યું હતું મધ અર્પણ કરીને અને એ દ્વારા ગૌતમ બુદ્ધ એ પારણું કર્યું. એટલે આવા અનેક અનેક શિલ્પો ગૌતમ બુદ્ધના આપણને પ્રાપ્ત થાય છે. એવું જ આ શિલ્પ છે આવી જ સિમિલર પ્રતિમા પટનામાં પણ છે. તો એટલે જ આ સંદેહ રહ્યો છે આ પ્રતિમા જૈન નથી પણ કદાચ બૌદ્ધ પ્રતિમા હોઈ શકે.

આગળ આપણે ચરણ પાદુકાઓના દર્શન કરીએ અહીં પાંચે ભગવાનના 19 કલ્યાણકોના સ્મરણ કરવા માટે અલગ અલગ ચરણ પાદુકાઓ બિરાજમાન કરવામાં આવી છે. નીચે ભોયરામાં પણ અનંત નાથ ભગવાનની પાઠ પાદુકાઓ છે .જમણી તરફ આદિનાથ ભગવાનની પ્રાચીન ચરણ પાદુકા છે. ખતરગચના આચાર્ય દ્વારા બનાવવામાં આવી હતી જેમણે મૂળનાયક પરમાત્માને બિરાજમાન કર્યા હતા એમના દ્વારા ભરાવવામાં આવેલ હતી. પાંચ ભગવાનના જન્મ કલ્યાણક અને ચવન કલ્યાણક ની એક સાથે ચરણ પાદુકાઓ જોવા મળે છે પહેલી ચ્યવન કલ્યાણક ની પછી જન્મ કલ્યાણક ની એકસાથે આ પાંચે પરમાત્માઓનો અહીં જન્મ થયેલો હતો, એની સ્મૃતિ રૂપે અહીં ચરણ પાદુકાઓ બિરાજમાન કરવામાં આવી છે. અહીં અજીત નાથ ભગવાન અનંતનાથ ભગવાન સુમતિનાથ ભગવાન ની દીક્ષા કલ્યાણક ની ચરણ પાદુકા ચાર ચરણ પાદુકાઓ અહીં જોઈ શકીએ છીએ. પછી કેવળ કલ્યાણક ની પણ ચરણ પાદુકાઓ આપણને મળે છે. બહુ જ ઇન્ટરેસ્ટિંગ છે કારણ કે પરમાત્માને જ્યારે કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું અને તેઓ ચતુર્મુખી દેશના આપે છે તો એના ચાર ચાર ચરણ પાદુકાઓ દરેકની બનાવવામાં આવી છે. અહીં એક ચતુરમુખી પ્રસાદ પણ છે સાથે સાથે આ ચારેય પરમાત્મા ગણધરોની પણ ચરણ પાદુકાઓ બિરાજમાન કરવામાં આવી છે. અહીં ઋષભ ચંદ્રાનંદ વારીસણ અને વર્ધમાન એવા ચાર શાશ્વત  જીન ના સ્મૃતિરૂપે એક ચોમુખી પ્રતિમા બનાવવામાં આવી છે. સમોસરણ આકારની અંદર આ ચારે ચાર પ્રતિમાઓ

બિરાજમાન કરવામાં આવી છે તેનું અનુસરણ કરવામાં આવ્યું છે અને ખૂબ જ સરસ શિલ્પ કલા સાથે આ પ્રતિમાઓ છે.  અહીં હાલમાં જ નિત્યાનંદ સુરીશ્વરજી મહારાજ દ્વારા જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો. તેમણે અહીં ચારેય પરમાત્માઓની પ્રતિમાઓ ભરાવી. જીનાલયની અંદર અલગ અલગ જાતના પટો છે. આરસ પાષણ અંદર કોતરેલા બહુ સરસ પટ્ટો છે અહીં અષ્ટાપદગીરી નું આલેખન કરવામાં આવ્યું છે, સાથે સાથે અહીં 14 કુલકર માતાઓ તીર્થંકર માતાઓ આદિના પટ્ટો અહીં કોતરવામાં આવ્યા છે. જમણી તરફ આપણે જોઈ શકીએ છીએ કે નવપદજીનો આરસપહાણમાં ખુબ જ સરસ અંકન કરવામાં આવ્યું છે આવી પ્રતિમાઓ પ્રાયઃ આદિ બંગાળમાં જોવા મળતી હતી પણ અહીં અયોધ્યા નગરમાં પણ આવી સરસ પ્રતિમાઓ જોવા મળે છે નવ પદજી નો ઘટો આપણને આરસપહાણમાં મળે છે. અહીં ચારે પરમાત્માના યક્ષ યક્ષણીની પ્રતિમાઓ છે. અહીં સરસ્વતી દેવીની ખૂબ જ યુનિક પ્રતિમા ની સ્થાપના કરવામાં આવી છે હાથમાં વીણા લઈને એક સરસ જૈન વર્ઝન ઓફ ધ સરસ્વતી દેવી જેને આપણે કહી શકીએ એ સરસ્વતી દેવીની બહુ સરસ મજાની સુંદર પ્રતિમા સ્થાપના અહીં કરવામાં આવી છે. અહીં દીવાલોમાં ખુબ સરસ અંકન કરવામાં આવ્યું છે નાભી રાજા આદિ કુલકરો નું દર્શન. નીચે મરુદેવી આદિ માતાઓ ના દર્શન આપણે કરી શકીએ છીએ. માર્બલમાં એની કારીગરી કરવામાં આવી છે.

દિગંબર જિનાલયની વાત કરીએ તો અહીં દિગંબર માન્યતા પ્રમાણે એવું કહેવામાં આવે છે કે આ શાશ્વત ભૂમિ છે અને તિલોય પન્નતી નામના ગ્રંથમાં તેનો વિસ્તૃત ઉલ્લેખ છે .અહીં વર્તમાનમાં દિગંબરોના પાંચ અલગ અલગ જીનાલયો છે. એમાં મુખ્ય એક છે અને બાકી નાના પાંચ જિનાલયો છે પરમાત્મા ના કલ્યાણકોને સૂચવતા પાંચ અલગ-અલગ જીનાલયો અહીં સ્થિત છે. અહીં સૌથી મોટું જે જીનાલય કહેવામાં આવે છે એ રાયગંજ વિસ્તારમાં છે અને બડી મૂર્તિ મંદિરના નામે વિખ્યાત છે. અહીં ઋષભદેવ ભગવાનની 31 ફૂટ ઊંચી પ્રતિમા છે, જે હાલમાં જ આચાર્ય દેશ ભૂષણજી ગણીને અને ગણીની પ્રમુખ જ્ઞાનમતી માતાજીના પ્રેરણાથી જીનાલય  નિર્માણ પામ્યુ  છે. બીજું અજીતનાથ ભગવાનના કલ્યાણક ના સ્મૃતિરૂપ જિનાલય બનાવવામાં આવ્યું છે, જે તુલસી નગરમાં સ્થિત છે. અહીં પ્રાચીન અને અર્વાચીન

બંને ચરણ પાદુકાઓના દર્શન થાય છે. સુમતિનાથ ભગવાનનું જીનાલય છે, જે વિકાસ કોલોનીમાં સ્થિત છે. અભિનંદનનાથ ભગવાનનું જીનાલય છે જે વેદ મંદિર રોડ પર સ્થિત છે. અને અનંતનાથ ભગવાનનું જીનાલય છે જે રાજઘાટ વિસ્તારમાં સ્થિત છે. આના પછી ઋષભદેવ ભગવાનનું જિનાલય છે જે તુલસી નગર વિસ્તારમાં સ્થિત છે. આવી રીતે પાંચ અલગ અલગ નાના નાના જીનાલયો અયોધ્યામાં બનાવવામાં આવ્યા છે.

હવે રત્ન પુરી નગર ની વાત કરીએ તો એ ધર્મનાથ ભગવાનના ચાર કલ્યાણક ની ભૂમિ છે. અયોધ્યાથી માત્ર 23 કિલોમીટર દૂર ફૈઝાબાદ લખનઉ રોડ પર સોહાવલ પાસે રોનાહી ગામમાં આ તીર્થ આવેલું છે. ધર્મનાથ ભગવાનના ચાર કલ્યાણકો થયેલા છે. વિવિધ તીર્થ કલ્પ અનુસાર રત્ન પુરી નું નામ એ સમય માં રત્નવાહપુર હતું .પહેલાના સમયમાં પ્રાચીન કાળમાં નાગકુમાર દેવ દ્વારા શ્રી ધર્મનાથ પ્રભુનાથ ચૈત્યનું નિર્માણ થયું હતું, જેને અન્ય ધર્મીઓ ધર્મરાજના નામે ઓળખતા હતા.

શ્વેતાંબર જિનાલય ની વાત કરીએ તો એક કોર્ટની અંદર શ્વેતાંબર જિનાલય નું પરિસર છે. જેની અંદર આપણને ચાર અલગ-અલગ જીનાલયો દેખાય છે. સૌથી પ્રાચીન જીનાલય જે છે એ ઇસવીસન 1821 શેઠ છોટન જી દ્વારા તેનો જિર્ણ ઉદ્ધાર થયો હતો. અહીં મૂળ નાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની શ્યામવરણી પ્રતિમા ઈ.સ 1854 માં સ્થાપિત કરવામાં આવી હતી અને અભિનંદન સ્વામીની પણ અતિ પ્રાચીન પ્રતિમા અહીં બિરાજમાન છે. પરિસરમાં બીજું જે જિનાલય છે એનું મૂળનાયક રૂપે શ્રી આદિનાથ ભગવાન બિરાજમાન છે. પ્રાચીન માન્યતા મુજબ શ્રી સંપ્રતિ મહારાજ કાલીન પ્રતિમા છે. સંપ્રતિ મહારાજ દ્વારા આ પ્રતિમા ભરાવવામાં આવેલ હતી. એની બાજુની બંને પ્રતિમાઓ પણ પ્રાચીન  હોય એવું માનવામાં આવે છે. આ પ્રતિમા લગભગ 10 મી શતાબ્દીની પ્રાચીન પ્રતિમા છે અને 1912માં ઘસુમલજી મારવાડી દ્વારા આ જિનાલય નો જીર્ણોદ્ધાર થયો હતો.હાલ માં જ  નિત્યાનંદ સુરીશ્વરજી મહારાજ દ્વારા ઈસવીસન 2001માં એક સમોસરણ આકારનું જિનાલય બનાવવામાં આવ્યું છે જેમાં ચતુર્મુખી શ્રી ધર્મનાથ ભગવાન બિરાજમાન છે. એ સાથે ચાર અલગ અલગ નાની ધૂમતીઓ પણ છે

જે ઈસવીસન 1821 માં આચાર્ય જીન સૂરીશ્વરજી મહારાજ દ્વારા પ્રતિષ્ઠિત અને ચરણ પાદુકાઓ સ્થાપિત કરવામાં આવેલ છે. અહીં ચતુર્મુખી ધર્મનાથ ભગવાનની પ્રતિમાના આપણે દર્શન કરી શકીએ છીએ. ચાર  અલગ કલ્યાણકોની સ્મૃતિરૂપ ચાર ચરણ પાદુકાઓ અહીં બિરાજમાન કરવામાં આવી છે જિન હર્ષ સુરીશ્વરજી મહારાજ દ્વારા. નુતન  જીર્ણોદ્ધાર  થયા ત્યારબાદ પણ જે ચરણ પાદુકાઓ સ્થાપિત કરવામાં આવી છે તેના પણ આપણે અહીં દર્શન કરી શકીએ છીએ.

હાલમાં નુતન જિનાલય બની રહ્યું છે તેનો જીર્ણોદ્ધાર થઈ રહ્યો છે અને તેની અંદર બીજા તીર્થ લાવેલી ખૂબ જ ભવ્યતિ ભવ્ય ધર્મનાથ ભગવાનની અતિ પ્રાચીન પ્રતિમા જે સંપત્તિ કાલીન કહેવામાં આવે છે પણ એ દસમી સદીની છે. એની સ્થાપના કરવામાં આવી છે. આ નવનિર્મિત જિનાલય ની અંદર  અન્ય તીર્થથી પધારેલ ધર્મનાથ ભગવાનની પ્રતિમા ના દર્શન આપણે કરી શકીએ છીએ. આ સાથે  અન્ય પ્રાચીન જિન બિંબો  પણ આ જિનાલયમાં બિરાજમાન કરવામાં આવ્યા છે.

હવે આપણે દિગંબર જિનાલય ની વાત કરીએ તો નદી કિનારે બે અલગ અલગ દિગંબર જિનાલય આપણને મળે છે એકને ચ્યવન કલ્યાણક જીનાલય કહેવાય છે અને બીજાને જન્મ કલ્યાણક જિનાલય કહેવામાં આવે છે. જન્મ કલ્યાણક નું જે મુખ્ય જિનાલય છે એમાં શ્વેત પાષણમાં ભગવાન ધર્મનાથની પદમાસન અવસ્થામાં ત્રણ ફૂટ ઊંચી પ્રતિમા ના દર્શન કરી શકીએ છીએ. સાથે 18 મી સદીની પ્રાચીન ચરણ પાદુકાના પણ દર્શન થાય છે. આનું સ્થાપત્ય ખૂબ જ સામાન્ય છે. નોર્મલ એક ઘર આપણે જોતા હોઈએ એવું એની ઉપર માત્ર એક શિખર બનાવી દીધું હોય એવું આ એક સામાન્ય સ્થાપત્ય વાળું જિનાલય છે. એની આગળમાં માન સ્તંભ મુકેલો છે. ખૂબ જ પ્રાચીન લેખ છે એ 18 મી સદીનો જ છે આચરણ પાદુકા આપણે જે જોઈ શકીએ છીએ એ ખૂબ જ રેર પાદુકા છે આરસ પહાણમાં નહીં પણ એક મેટલમાં કંડારેલી છે,જે અહીં સ્થાપિત કરવામાં આવી છે. જમણી તરફ ભગવાનનો ગર્ભારો પણ જોઈ શકાય છે, જેમાં સામાન્ય સ્થાપત્ય કરવામાં આવ્યું છે. ચ્યવન કલ્યાણક જિનાલય તરફ જઈએ, ગર્ભ

કલ્યાણક જિનાલયમાં જઈએ તો અહીં પણ લગભગ લગભગ ૧૦૦ વર્ષ પ્રાચીન ચરણ પાદુકા બિરાજમાન છે. અહીંનું સ્થાપત્ય પણ ખૂબ જ ખૂબ જ કોમન છે. રત્નપુરીની વાત કરીએ તો એક વાત આજે ખૂબ જ વિચારવાની છે જરૂરી છે આજે રત્નપુરીનગરીમાં 99.9% જે પોપ્યુલેશન છે એ જૈન વૈદિક નથી પણ મુસલમાન પ્રજા છે, એનો વસવાટ છે. અયોધ્યાના જે રામ મંદિરનો જે કેસ થયો અને એ કેસ થયા બાદ જે બાબરી મસ્જિદ ની એક જમીન દેવામાં આવી એ આ ગામની અંદર દેવામાં આવી છે. એની સામે એક્સચેન્જ ઉપર અહીં એક ખૂબ જ મોટી મસ્જિદનું પણ નિર્માણ થઈ રહ્યું છે. તો આપણે આ તીર્થની સુરક્ષા કેવી રીતે કરવી એનો પણ આ એક વિચારણીય ઈમ્પોર્ટન્ટ વાત છે. આ તીર્થની અંદર જો અવર-જવર ઓછી થઈ જશે જશે તો આ તીર્થ આપણા હાથમાંથી નીકળી જવાની ખૂબ જ શક્યતાઓ રહેલી છે.

હવે આપણે શ્રાવસ્તી નગરીની વાત કરીએ તો આ  તીર્થ અયોધ્યાથી લગભગ 110 km તથા બલરામપુર થી 17 કિલોમીટર દૂર આવેલું છે. બલરા મપુર ખૂબ જ ફેમસ જગ્યા છે ખૂબ જ સુગરકેન નો પાક થાય છે. શ્રાવસ્તી તીર્થ શરાવતી,શાવસ્થી,  ધર્મ પૂરી ચંદ્રિકા પૂરી કૃણાલ નગર આદિ નામોથી પ્રાચીન કાળમાં આ નગરી શોભાયમાંન હતી. શ્રી સંભવનાથ પ્રભુના ચાર કલ્યાણકો થી આ તીર્થ છે. પ્રભુ શાંતિનાથ મુનિસુવ્રતસ્વામી અને પ્રભુ મહાવીર સ્વામીની આ વિચરણભૂમિ રહી છે એટલે આની ઐતિહાસિકતા ખૂબ જ મહત્વની થઈ જાય છે. બૌદ્ધ તથા આજીવક સંપ્રદાયનું આ મુખ્ય તીર્થસ્થળ રહેલું છે. શાસ્ત્રની વાત કરીએ તો સ્થાનાંગ સૂત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે  10 મુખ્ય રાજધાનીમાં શ્રાવસ્તિ તીર્થનો સમાવેશ થાય છે શ્રી ભગવતી સૂત્ર છેદ સૂત્ર આવશ્યક ચુરની  વિવિધ તીર્થ કલ્પ આદિમાં આ નગરી નો ઉલ્લેખ આપણને મળે છે. શ્રી અજીત શાંતિ સ્તવનમાં શ્રી નંદીસુરીશ્વર મુનિ  દ્વારા આ નગરીનો ઉલ્લેખ મળે છે. શ્રી બૃહદ કલ્પસૂત્ર અનુસાર અહીં જીવિત સ્વામીની પ્રતિમાઓ હતી. આપણે જોઈ શકીએ છીએ કે સપ્તતીરથી એવી એક ખૂબ જ જૂની પ્રતિમા  ઉત્ખનન દ્વારા આપણને મળેલ છે.

મહાવીર ભગવાન  સાથે આ તીર્થનો ખૂબ જ ગાઢ સંબંધ રહ્યો છે. પ્રભુની 10મિ  ચાતુર્માસ ભુમી અહીં થઈ હતી અને છદ્મસ્થ કાળમાં અહીં પ્રભુ અહી વિચરતા વિચરતા પધાર્યા હતા. ત્યાં જયારે તેઓ કાયોત્સર્ગ ધ્યાનમાં લીન હતા ત્યારે ત્યાં  ઘાસમાં આગ લાગતા પ્રસરાયેલી આગથી પ્રભુ  પર ઉપસર્ગ થયો હતો. આગ પ્રભુ સુધી આવી ગઈ હતી છતાં એઓ ધ્યાનમાં લીન હતા. ખૂબ જ અચ્છેરા રૂપ કહી શકાય એવા કેવલજ્ઞાન બાદ કોઈ પ્રભુને ઉપસર્ગ થયો હોય પણ પ્રભુને કેવલજ્ઞાન બાદ ઉપસર્ગ થયો હતો. ગોષાલક દ્વારા કેવળ જ્ઞાન બાદ પ્રભુ પર તેજોલેશ્યા ઉપસર્ગ ફેંકવામાં આવી હતી. તેજોલેશ્યા થી પ્રભુને ખૂબ વેદના થઈ હતી. છ મહિના સુધી પ્રભુને રક્તના ઝાડા થયા હતા. તો આ તેજોલેશયાની વિધિ હતી એ પ્રભુ મહાવીર સ્વામીની એ જ ગોલશાલકને શીખવાડી હતી. જ્યારે ગૌશાલક પ્રભુ સાથે વિહાર કરતા હતા ત્યારે પ્રભુએ જ એમને આ વિધિ શીખવાડી હતી. અષ્ટાંગ નિમિતના અમુક જ્ઞાન દ્વારા લાભ અલાભ સુખ દુઃખ આ બધાની વાતો આ ગોશાલક જાણતો હતો એને અષ્ટાંગ નિમિત નું જ્ઞાન થઈ ગયું હતું અને આ તેજોલેશિયા ની વિધિ શીખ્યા બાદ પોતાની જાતને અર્હત કહેવા માંડ્યો અને શ્રાવસ્તિ નગરીમાં એણે બધાને એમ કહી દીધું કે હું અર્હત છું. એ સાંભળી અને પ્રભુના જે શિષ્ય હતા એમણે એનો પ્રતિકાર કર્યો. એ બાદ પ્રભુની સભામાં તેજોલેશ્યા છોડી. પ્રભુને પ્રદક્ષિણા આપી અને ત્યારબાદ તેજોલેશ્યા એને જ પાછી લાગી ગઈ અને પાંચ દિવસની અંદર ગોશાલક મૃત્યુ પામ્યો. તેજોલેશ્યાની ગરમીને કારણે પ્રભુને છ મહિના સુધી રક્તના ઝાડા થયા. પ્રભુની આ વેદના જોઈને સિંહ અણગારને ખૂબ જ કલ્પાંત થયો અને રેવતી શ્રાવિકા દ્વારા બીજોરા પાકની ખૂબ જ નિર્દોષ ઔષધીરૂપ આહાર એમને આપવામાં આવ્યો અને એ દ્વારા પ્રભુનું સ્વાસ્થ્ય સારું થયું . રેવતી શ્રાવીકાએ આગળ જઈ તીર્થંકર નામ ઉપાર્જન કર્યું, એવી આ અદભુત ભૂમિ છે.

આ સાથે ખૂબ જ બીજો એક ખૂબ જ સરસ ઇતિહાસ જોડાયેલો છે. પાશ્વ પ્રભુના પરંપરાગત પટાલંકાર એવા કેસી સ્વામી અને ગૌતમ સ્વામીનું અહીં મિલન થયું હતું .જ્યારે તેઓ બંને વિચારતા હતા ત્યારે શ્રાવસ્તિ નગરમાં પહોંચ્યા હતા ત્યારે ખૂબ જ વિનય ભાવપૂર્વક બંને એકબીજા સાથે મિલન કર્યું હતું અને એકબીજાના મનમાં જે પ્રશ્નો હતા જે અસમંજશો હતી

કેશી સ્વામીના મનમાં એ બધાનું એ બધાનું સમાધાન ગૌતમ સ્વામી ભગવાન કરે છે. એવી આ અદભુત ભૂમિ ઉપર અને અલગ અલગ વેશભૂષા કેવી હતી? પાર્શ્વનાથ ભગવાનનો ધર્મ કેવો હતો પંચમહા વ્રત મહાવીર સ્વામી ભગવાનના કેવા હતા? એવા અલગ અલગ પ્રશ્નો કેશી સ્વામીએ ગૌતમ સ્વામીને પૂછે અને ગૌતમ સ્વામીએ બહુમાન પૂર્વક કેસી સ્વામી ને ઉચ્ચ આસનમાં બેસાડીને એના બધાએ સંશયો દૂર કર્યા હતા અને તેમણે પણ કેસી સ્વામીપણ બહુમાનપૂર્વક સમજ્યા હતા અને એ બાદ તેઓ પણ પ્રભુ મહાવીર સ્વામીના સંઘમાં જોડાઈ ગયા હતા, એવી આ અદભુતભૂમિ છે અને આ બધા જ પ્રશ્નોનું સંકલન કેશી ગૌતમ સંવાદ ઉત્તરાધ્યાન સૂત્રમાં છે એની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રભુ મહાવીર સ્વામી ના ભાઈ એવા જમાલી ની આ જન્મભૂમિ રહી ચૂકી છે અને પ્રભુના પ્રમુખ 10 શ્રાવકો માંથી બે શ્રાવકો પણ અહીંના જ હતા. એટલે આપણે આ નગરી નું મહત્વ જોઈ શકીએ છીએ. અહીં મુખ્ય ઘટનાઓ પણ બની છે. અહીં ઘણા જૈન રાજાઓનું શાસન પણ થયું છે. કપિલ કેવલી અહીંથી સિદ્ધ થયા હતા. ભદ્રમુની નો ઉપસર્ગ પણ અહીં થયો હતો. રામચંદ્રજીએ લવકુશ ને અહીંનું રાજ્ય આપ્યું હતું અને સ્કન્ધક આચાર્ય પાંચસો શિષ્ય સાથે અહીં મૃત્યુ પામ્યા હતા. એ બધાનો જ અહીં ઇતિહાસ જોડાયેલો છે.

વિવિધ તીર્થ કલ્પમાં આનો વિસ્તૃત ઉલ્લેખ આપણને પ્રાપ્ત થાય છે. 14 મી સદીમાં આ જગ્યાનું નામ મહિઠ હતું એ વાત આપણને આચાર્ય શ્રી જીન પ્રભ સુરીશ્વરજી મહારાજ જણાવે છે. આજે પણ જે પ્રાચીન અવશેષો પ્રાપ્ત થયા છે એ સગેટ મહેઠ નામની જગ્યાથી પ્રાપ્ત થયા છે અને પ્રાચીન કાળમાં પણ મહિત નામ હતું એ વાત આપણને આચાર્ય જીનપ્રભ સુરીશ્વરજી મહારાજે 14 મી સદીમાં કહી દીધી હતી. એ આચાર્ય જીન પ્રભુ શ્મહારાજ કહે છે કે અહીં મૂર્તિઓ દેવ કુલીકાઓ અને વિશાળ કિલ્લાઓથી ઘેરાયેલું મંદિર અહીં શોભાયમન હતું. અહીં સૂર્યોદય સમયે આ મંદિર મણિભદ્ર રાજા યક્ષના પ્રતાપથી એ જીનાલયના દ્વાર પોતાની મેળે ઉઘડી જતા અને સૂર્યાસ્ત વખતે પોતાની મેળે બંધ થઈ જતા હતા એ વાત અહીં આપણને જણાવી છે. સાથે તે પણ જણાવ્યું છે કે કાળના પ્રભાવથી અલ્લાઉદીન ખીલજીના મલેક હવસ નામના અમલદારે આ મંદિર આદિની દીવાલોનું ખંડન કર્યું હતું અને

પ્રતિમાઓને તોડી નાખી હતી. વર્ષે જ્યારે અહીંનો મેળો ભરાય છે ત્યારે અહીં ચિતા આવીને પ્રભુ સામે બેસી જાય છે અને પ્રભુની આરતી ઉતારી દેવાય છે ત્યાર પછી એ  પોતાની મેળે પાછો જતો રહે  છે. કોઈ સાથે તે ઉપદ્રવ કરતો નથી. એ પરમાત્મા ના દર્શન કરવા માટે તો અહીં આવતો હતો એવી વાત આચાર્ય શ્રી અહીં જણાવે છે.  તીર્થમાળાઓમાં પણ અલગ અલગ ઉલ્લેખ આપણને બતાવવામાં આવ્યા છે. સૌભાગ્ય વિજયજી મહારાજા અહીં તીર્થમાળામાં કહે છે કે શ્રાવસ્તી કોના નામના ગામમાં સ્થિત છે. વર્તમાનમાં અકીના  છે. આ અકીના જે ગામ છે એ શ્રાવસ્તી શહેર સહેઠ મહેઠ થી પાંચ મીલ  દૂર આવેલું છે. એટલે આ ભૂમિ શ્રીંક  થઈ રહી છે એને આપણે જોઈ શકીએ છીએ. એનો વિસ્તાર મોટો હતો આજે નાનો થતો જાય છે. આ  વિસ્તાર 18 માં સૈકા માં આચાર્ય વિજય સાગર મહારાજા કહે છે કે અયોધ્યા તીર્થ તીર્થના અંતરે 30 કોસના અંતરે આ તીર્થ આવેલું છે મેજરમેન્ટ આજે પણ લગભગ બરાબર બેસે છે.

પુરાતાત્વિક દ્રષ્ટિએ જોઈએ તો શ્રાવસ્તી તીર્થ ખૂબ જ ઈમ્પોર્ટન્ટ ભૂમિ છે અને એના પુરા તાત્વિક પ્રમાણમાં આજે પણ આપણને મળે છે . સંભવનાથ ભગવાનની જે જન્મભૂમિ છે એ સ્થળ આજે પણ સ્થિત છે એ એસ આઈ ના હેઠળ સુરક્ષિત રાખવામાં આવ્યું છે. સહેઠ અને મહેઠ નામની જે જગ્યા છે એમાં મુખ્યત્વે બધા જ ધર્મ ના અવશેષો પ્રાપ્ત થાય છે. મહઠની અંદર આપણા જૈન ધર્મના અવશેષો પ્રાપ્ત થાય છે. સંભવનાથ ભગવાનની આ જન્મભૂમિ સુચવતું પ્રાચીન જિનાલય છે .પહેલા અહીં માત્ર ભગવાનના ચરણ પાદુકા જ બિરાજમાન હતા પરંતુ પાછળથી મૂર્તિઓની પણ સ્થાપના થઈ.એક સમયમાં અહીં 17 જિનાલય હતા એવા ઉલ્લેખ અને પુરાતત્વિક તથા શાસ્ત્રીય પુરાવાઓ  આપણને મળે છે.  આ જે જગ્યા છે એમાં ઉત્ખનન દ્વારા આપણને ઘણા બધા પ્રાચીન અવશેષો પ્રાપ્ત થયા છે એટલે કહી શકાય કે પહેલા અહીં બીજું મંદિર હતું અને પછી એના ઉપર આ નવા મંદિરની સ્થાપના કરવામાં આવી છે. તો આપણા જિનાલયમાં સામાન્ય રીતે શિખર જોવા મળે પણ અહીં એના બદલે ઈરાની શૈલીનો ગુંબજ છે. ખોદકામ દરમિયાન અહીંથી ઘણી જૈનમૂર્તિઓ મળી આવી છે. અહીં એક સમયે મૂર્તિઓ, ચૈત્ય  અને શાસન દેવ દેવીઓની મૂર્તિઓ પણ અહીં મળી આવી છે.

અંદર પ્રાચીન લખોરી ઈંટોથી બનેલું આખું માળખું  દેખાય છે. તે પ્રાચીન મંદિરના પ્રથમ પછી મધ્યકાલીન સમયગાળામાં એટલે કે ઇસ્લામિક સુલતાનિક કાળમાં આ જિનાલય બનાવવામાં આવ્યું હશે. ઈસ્લામિક સલ્તનત સમયની છાપ અને ઈરાની ડિઝાઇન સ્પષ્ટપણે જોવા મળે છે. આજે તેમાંથી ઘણી મૂર્તિઓ લખનઉ કોલકાતા અને વિવિધ સંગ્રહાલયમાં સ્થિત છે. જે મુખ્ય પ્રતિમાઓ નીકળી છે 11 જેટલી પ્રતિમાઓ નીકળી છે એમાંની બે તો ઇસવી પૂર્વીની પ્રતિમાઓ છે. એમાં ઋષભદેવ પરમાત્માની 11 મી સદીની પ્રતિમા નેમીનાથ ભગવાનની વિમલનાથ ભગવાનની અને  સુમતિનાથ અને વિમલનાથ ભગવાનની 12મી સદીની પ્રતિમાઓ અહીંથી પ્રાપ્ત થઈ છે એટલે એમ માનવામાં આવે છે કે 11મી 12 મી શતાબ્દીમાં આ મંદિરનો જીર્ણોદ્ધાર થયો હશે. પહેલાં તો  માત્ર ચરણ પાદુકાઓ ને  સ્તૂપ હશે પછી એના ઉપર આ જિનાલય નું નિર્માણ કરવામાં આવ્યું હશે એવું આ શિલાલેખો ઉપરથી અનુમાન બાંધી શકાય છે.

અહીં ઋષભદેવ ભગવાનની હજારો વર્ષ જૂની ખૂબ જ પ્રાચીન મૂર્તિ મળી આવેલ છે, જે બે ફૂટ અને છ ઇંચની અખંડિત મૂર્તિ છે. મસ્તક ઉપર જે વાળ હતા તે  સીધી લીટી જેવા વાળ બનાવવામાં આવ્યા હતા. બંને ખભા ઉપર વાળના ગુચ્છ લટકે છે. મસ્તક પર સુંદર ત્રણ છત્રો છે. પભાસનમાં બે સિંહ અને મધ્યમાં એક બળદ લાંચન રૂપે છે. એક બાજુએ બે ઉભા યક્ષો ડાબી બાજુએ નમસ્કાર કરતા દેવ ની આકૃતિ અને આસનના  ભાગ ચારભાગમાં નાના આકારે ધ્યાન મુદ્રામાં સ્થિત ૨૪ તીર્થંકરની મૂર્તિ જોવા મળે છે.

શ્રવસ્તીમાં જે શ્વેતાંબર જિનાલય છે તે ખરગુપુર વિસ્તારના સ્થિત છે . દિગંબર  અને શ્વેતાંબર બંને જિનાલયો બાજુમાં સ્થિત છે. આ તીર્થનો જીર્ણોદ્ધાર આચાર્યશ્રી ભદ્રન્કર શુરીશ્વરજી મહારાજની પ્રેરણાથી ઇસવીસન 1975 થી પ્રારંભ થઈ અને 19 87માં નુતન જીનાલય તથા બિંબોની પ્રતિષ્ઠા કરવામાં આવી. હાલમાં જીર્ણોદ્ધારનું કાર્ય ફરીથી પ્રારંભ  થયું છે. સંભવનાથ ભગવાનની પરિકર યુક્ત ભવ્યથી ભવ્ય પ્રતિમા છે. પરમાત્માની  સ્મૃતિ સ્વરૂપે ચાર કલ્યાણ પાદુકાઓ પણ બિરાજમાન છે. હાલમાં જીર્ણોદ્ધાર ચાલી રહ્યો છે એટલે બધી જ પ્રતિમાઓ

બિંબો  એક રૂમમાં છે. સાથે અહીં અલગ અલગ કલ્યાણકના અલગ અલગ પટ્ટ પણ બનાવવામાં આવ્યા છે. જીનાલયના બેઝ ને એવું ને એવું રાખી અને પછી એનો જીર્ણોદ્ધાર કરવામાં આવી રહ્યો છે.

હવે દિગંબર જિનાલય ની વાત કરીએ તો સંભવનાથ ભગવાનની ચાર ફૂટ ઊંચી પ્રતિમા છે. અને 1966 માં એ ભરાવવામાં આવી હતી એટલે દિગંબર અને શ્વેતામ્બર બંને નવા જીનાલયો છે. સંભવનાથ ભગવાનની ખૂબ જ ભવ્ય પ્રાચીન અને સુંદર પ્રતિમા અહીં બિરાજમાન છે. કાચનું  ખૂબ જ સરસ કામ અહીં કરવામાં આવ્યું છે. સાથે સાથે અલગ અલગ તીર્થંકર પરમાત્માની મૂર્તિઓ પણ અહીં બિરાજમાન કરવામાં આવી છે. આના પણ જીર્ણોદ્ધાર  નું કામ ચાલી રહ્યું છે. અહીં ઘણી બધી પ્રાચીન પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવશે અને ખૂબ જ વિશાળ ભવ્ય બંધ મંદિર બનશે એવું જીર્ણોદ્ધાર દ્વારા લાગી રહ્યું છે.

કોસાંબી તીર્થ તરફ પ્રયાણ કરીએ તો અલ્લાહબાદ  લગભગ 51 કિલોમીટર દૂર આ તીર્થ આવેલું છે. યમુના નદીની પાસે વસેલું છે . છઠ્ઠા તીર્થંકર શ્રી પદ્મપ્રભુ સ્વામી ના 4 કલ્યાણકોની આ ભૂમિ છે .જ્યારે હસ્તિનાપુરનો નાશ થયો હતો  ત્યારે રાજા પરીક્ષિતના  ઉત્તરાધિકારીઓએ કોસંબીને પોતાની રાજધાની બનાવી હતી. વત્સ દેશની મુખ્ય નગરી બનાવવાનું આ એને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. અહી  પ્રભુ મહાવીર સ્વામી ભગવાન અનેક વાર પધાર્યા છે પાંચ વાર પધાર્યા છે અને એમાં મુખ્ય એમ કહી શકાય એ તેમનું 13 અભિગ્રહ ચાલતો હતો 175 ઉપવાસની જે ભીષણ કઠોર તપસ્યા હતી ત્યારે મહાસતી ચંદનબાલા દ્વારા તેમનું પારણું કરાવવામાં આવ્યું હતું. પ્રભુના જે અઘરા અભિગ્રહો હતા એ બધા જ અહીં પૂરા થયા હતા. કાલાન્તરે ચંદનબાળા પ્રભુના પ્રભુના સંઘમાં પ્રથમ સાધવી બન્યા અને રાણી મૃગાવતીએ પણ અહીં ભગવાન પાસે દીક્ષા લીધી હતી. કૌશાબી તીર્થનો ઉલ્લેખ આપણને શ્રી  આવશ્યક સુત્ર,ત્રિષષ્ઠી શલાકા પુરુષ ચરિત્ર તથા શ્રી વિવિધ તીર્થ કલ્પનામાં  વિસ્તૃત ઉલ્લેખ મળે છે

આર્યસુહસ્તીસૂરી અને મહાગીરી આ નગરમાં પધાર્યા હતા. મહારાજ સંપ્રતિએ અહીં કીર્તિ સ્તંભ બનાવવાનો ઉલ્લેખ મળે છે. કપિલ કેવલી ની આ જન્મભૂમિ રહી છે. અને ચીનીયાત્રી

ફહીયાન આ સમયમાં અહીં આવ્યા હતા ત્યારે તેમણે પણ ઉલ્લેખ કર્યો હતો કે આ નગરી પૂર્ણધ્વસ્ત થઈ ચૂકી છે. અહીં માત્ર ને માત્ર અવશેષો પ્રાપ્ત થાય છે. આ નગરી પૂરેપૂરી ધ્વસ્ત તો થઈ ચૂકી છે. વિવિધ તીર્થ કલ્પમાં  આપણને અનુ ખૂબ જ વિસ્તૃત ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. આ નગરી યમુનાના કિનારે વસવેલી અને ચંદ્રપ્રદ્યોત રાજા નિર્મિત પ્રાચીન કિલ્લો અહીં વિદ્યામાં છે કેસુડાના ફૂલની ખૂબ જ ગીત ઝાડી છે અને ઘણા બધા બગીચાઓ છે.  તે વસુહર નામનું ગામ છે નું જ્યાં મહાવીર ભગવાનનું  પારણું થયું હતું એ વસુહાર નામનું એક પરુ હતું. જે દિવસે પારણું થયું હતું એ પછીના વર્ષે જ્યારે પણ એ દિવસ આવે છે ત્યારે લોકો વિશેષ ધર્મ ક્રિયા કરે છે .એ વાત આપણને વિવિધ તીર્થ કલ્પમાં  મળે છે. અને પદ્મપ્રભ સ્વામીનું જે જીનાલય હતું એમાં એવી એક આબેહૂબ પ્રતિમા બનાવવામાં આવી હતી કે ચંદનબાળા દ્વારા પ્રભુ મહાવીર સ્વામીનું પારણું થઈ રહ્યું હતું. આવી આબેહૂબ  પ્રતિમા આ જીનાલયમાં આપણને પ્રાપ્ત થાય છે કંડારેલી હતી એવી વાત આપણને આચાર્ય જીન પ્રભુ સૂરીશ્વરજી મહારાજા 14 મી સદીના વિવિધ તીર્થકલ્પ જણાવે છે. અહીં ઘણી બધી તીર્થમાળાઓ રચાઈ છે અને ઈસવીસન 1500 માં હંસસોમાં મહારાજ અહીં પધાર્યા હતા એનો ઉલેખ કર્યો છે કે અહીં 64 જીન પ્રતિમાઓ હતી. ઇસ  1605મા શ્રી વિજય સાગર અને શ્રી અને 1608 માં શ્રી વિજય ગણી અહીં આવ્યા હતા ત્યારે અહીં બે જિનાલય વિદ્યામાંન હતા. સૌભાગ્ય વિજય માત્ર એક જીર્ણ જીનાલય હોવાનું જણાવ્યું છે . કુંવર પાલ સોનપાલ લોઢા પણ જ્યારે અહીં પધાર્યા હતા ત્યારે તેઓ ઉલ્લેખ કરે છે કે અહીં માત્ર ચરણ પાદુકા હતી બાકી કોઈ જિનાલય નહોતા 18 મા સૈકાના ઉત્તરાર્ધ સુધી અહીં બે જિનાલય પૈકીનું જે એક જિનાલય બચી ગયું હતું તે પણ જીર્ણ બની ચૂક્યું હતું એમાં માત્ર ચરણ પાદુકાઓ બીરાજમાન હતી.

પુરાતત્વ દ્રષ્ટિએ આપણે જોઈએ તો આજે પણ જે ચંદપ્રધ્યોત રાજા દ્વારા નિર્મિત કિલ્લાના અવશેષ વિદ્યામાંન છે. એક સમયમાં એનો ચાર માઇલનું ઘેરાવો હતો. 32 દ્વાર અને 30 થી 35 ફૂટ ઊંચો કોટ હતો એવા એના પુરાતત્વિક પ્રમાણ  પ્રાપ્ત થાય છે અહીંના ખંડેર માંથી 2000 વર્ષ પ્રાચીન આયગ પટ્ટ એક પ્રાપ્ત થયા છે, જે પ્રયાગરાજ મ્યુઝિયમ માં બિરાજમાન

છે. શિવમિત્ર ના રાજ્યના બારમાં વર્ષે અરહતોની આરાધના માટે આ આયગ પટ્ટ બનાવવામાં આવ્યો હતો. આમ કૌશાબી નગરીમાં પણ આપણને જૈન પુરાતત્વ પ્રાપ્ત થાય છે.

શ્વેતાંબર જિનાલય તરફ જઈએ તો અહીં બે જિનાલય છે એક જૂનું અને એક નવું હાલ નિર્માણ પામ્યું છે. જે જૂનું જૂનાલય છે એ પણ બહુ પ્રાચીન નથી આચાર્ય પ્રકાશચંદ્ર સુરી દ્વારા 1978માં જીર્ણોદ્ધાર થયેલ છે અને શ્રી પદ્મનાથ સ્વામીની ભવ્ય પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે અહીં ધર્મશાળા નું નિર્માણ કલકત્તાના કનૈયાલાલભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. જુના જીનાલય નો જીર્ણોદ્ધાર ૨૦૧૮ માં નયવર્ધન સુરિ મહારાજે કર્યું છે અને નૂતન મંદિરની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. જીનાલયની બાત ખૂબ જ સરસ લાગી રહ્યું છે. જુનુ જિનાલય જીર્ણોદ્ધારની બાદ ખૂબ જ સરસ લાગી રહ્યું છે. તેની જમણી બાજુ જિનાલય છે જે નુતન 2018માં પ્રતિષ્ઠા થઈ એની અંદર બિરાજમાન છે એવા પદ્મ પ્રભુ સ્વામીની પ્રતિમા ના દર્શન કરીએ.

જુના જીનાલય માં પણ પદ્મપ્રભુ સ્વામીની પાષણમાં પ્રતિમા છે. એમ નવા જિનાલય માં રોડ ક્રોસ ક્રિસ્ટલમાં પદ્મ પ્રભ સ્વામીની પ્રતિમા છે. કળા ને જોઈએ તો પહેલા સામાન્ય એક રૂમમાં પ્રતિમા રાખવામાં આવતી હતી. નયવર્ધન સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં જીર્ણોદ્ધાર થયું છે. પછી એને ખૂબ જ ભવ્ય જિનાલય નું રૂપ આપવામાં આવ્યું. ખૂબ જ સરસ કોતરણી કામ અહીં આપણે જોઈ શકીએ છીએ કે જૂના દેરાસરનું સ્થાપત્ય કામ કેટલું સરસ લાગી રહ્યું છે એની સાથે મૂળનાથ ભગવાનના ગંભારાની પ્રતિમા સુંદર છે. બહાર રંગ મંડપની અંદર છ પ્રતિમા બિરાજમાન છે. દેરાસરના બહારની કમ્પાઉન્ડની અંદર ગુરુમુર્તિઓ સ્થાપિત કરવામાં આવી છે અને યક્ષરાજ મણિભદ્રવીરની મૂર્તિ પણ સ્થાપિત કરવામાં આવી છે સાથે સાથે પ્રભુના ચરણ પાદુકાઓ પણ બિરાજમાન છે .એવી રીતે આ ભૂમિ ની અંદર ગુરુ મંદિર પણ કહી શકાય. આ ત્રણે બહારના કમ્પાઉન્ડમાં સ્થિત છે.

હવે નવા દેરાસરની વાત કરીએ તો ખૂબ જ બારીક આબુની કોતરણી ની યાદ કરાવે એવું અહીંનું શિલ્પ સ્થાપત્ય છે. બહાર પણ ખુબ જ સરસ કલાકૃતિ રૂપે અહીં કામ થયું છે કોતરણી માં કામ થયું છે. ઉપરની સાઈડમાં એને એક હાઈટ આપવા માટે ચારે તરફ જાળીઓ બનાવવામાં આવી છે અને એના દ્વારા નેચરલ સન લાઇટ આવે એવું આ નિર્માણ કરવામાં આવ્યું છે. જમણી સાઈડ ડેરીમાં પ્રભુની સરસ પ્રતિમા નું સ્થાપન કરવામાં આવ્યું છે રંગ મંડપ પણ ખૂબ જ સુંદર દેખાઈ રહ્યો છે જાળીમાંથી નેચરલ સન લાઈટ આવી રહી છે. બંને તરફ દ્વાર છે અને વચ્ચે મૂળ ગભારા ના દર્શન થઈ શકે છે. અહીં બહારના પરિસરમાં ખૂબ જ ભવ્ય ભવ્ય સમોસરણ આકારની રચના કરવામાં આવી છે ચતુર્મુખ પદ્મ પ્રભ સ્વામીની પ્રતિમા બિરાજમાન કરવામાં આવી છે. આ દેરાસર ની અંદર તે સમયને યાદ કરાવનાર ના શિલ્પ સ્થાપત્યનું અંકન કરવામાં આવ્યું છે .ભગવાન મહાવીરના જીવન ચરિત્ર સાથે જે પ્રસંગ કૌશાબી નગરીમાં બન્યા એમાં પ્રભુનું પારણું ચંદનબાલા મૃગાવતીના એની કથા નું શિલ્પમાં અંકન કરવામાં આવ્યું છે.

હવે શ્વેતાબર થી દિગંબર જિનાલય તરફ જઈએ તો આમાં સૌથી પહેલા નજીકમાં દિગંબર જિનાલય છે. દિગંબર પરંપરામાં એવી માન્યતા છે કે પદ્મપ્રભ સ્વામીના બે કલ્યાણક થયા. ગર્ભ કલ્યાણક અને જન્મ કલ્યાણક આ બંને અહી થયા છે અને બાકી ના બે કલ્યાણક એટલે કે દીક્ષા અને કેવલ જ્ઞાન કલ્યાણ થયા છે નજીકના પભોશા તીર્થમાં થયા છે. આમ બે કલ્યાણક થયા છે જેને આપણે દર્શન કરીએ. મૂળ નાયક પદ્મ પ્રભ સ્વામી છે અને અહીંના પરિસરમાં ખૂબ જ પ્રાચીન પાંચમી તથા દસમી શતાબ્દીની પ્રાચીન પ્રતિમા અને ચરણ પાદુકાઓ બિરાજમાન છે. દિગંબર જિનાલયના મૂળ નાયક એ લગભગ દોઢસો વર્ષ પ્રાચીન છે. પણ અહીંપાદુકા ની પણ સ્થાપના કરવામાં આવી છે એટલે કે ચતુરમુખી પ્રતિમા સર્વતોભદ્ર પ્રતિમા પણ સ્થાપિત કરવામાં આવી છે. જે ખડગાસનમાં છે. ખુબ જ સામાન્ય સ્થાપત્ય છે, શિખર ઉપર કોઈ કલાકૃતિ કરવામાં નથી આગળમાં જે ઘૂમતીઓ છે એને આપણે ઇસ્લામિક આકાર જેને કહી શકે એવી રીતનું નિર્માણ થયું છે કોઈ બાહ્ય કોતરણી કે એવું કંઈ નથી એ ખૂબ જ સામાન્ય છે. એ સમયની જે પ્રથા હતી નેચરલ જે વસ્તુઓ મળતી હતી એ

સમયમાં 18 મી સદીની જે કલાકારો મળતા હતા ત્યાંના તેના દ્વારા જ આજના નું નિર્માણ કરવામાં આવ્યું છે. ઇસવીની પાંચમી શતાબ્દીની ખૂબ જ પ્રાચીન પ્રતિમા છે. પદ્મ પ્રભ સ્વામીની પ્રતિમા છે પણ એ જે જટા દેખાય છે એ રૂષભદેવ ભગવાનની જેવી લાગે છે પરંતુ પ્રતિમા તો પદ્મપ્રભસ્વામીની જ છે કારણકે લાંછન સહિતની પ્રતિમા છે કે બંને તરફ દેવો ફૂલની માળા લઈને આવી રહ્યા છે.એનાથી પણ ઇન્ટરેસ્ટિંગ વાત છે કે આપણે નીચેના ભાગમાં જોઈએ તો પરમાત્માની માતા નું અંકન કરવામાં આવ્યું છે અને એમના ખોળામાં પદ્મપ્રભૂસ્વામી બિરાજમાન છે, બેઠા છે ,સુતા છે એવું સરસ મજાનું અંકન કરવામાં આવ્યું છે. શિલ્પકારે ખૂબ જ સરસ રીતે જન્મ કલ્યાણક નું જીનાલય છે એને એ હિસાબે એ સ્મૃતિરૂપ કંડાર્યું છે. આ પ્રતિમામાં ફિનિશિંગ નથી પુરાતાત્વિક દ્રષ્ટિએ અને ઐતિહાસિક અને કલાકારીગીરીની દ્રષ્ટિએ ખૂબ જ મહત્વપૂર્ણ પ્રતિમા છે. નીચે પાંચમી સદીના ચરણ પાદુકા છે. જમણી તરફ ઉપરની શેડમાં ખૂબ જ પ્રાચીન પાશ્વનાથ ભગવાનની દસમી સદીની પ્રતિમા છે. આ બધી પ્રતિમા આપણે ખુલ્લામાં રાખેલ છે એનું શું કારણ હશે એ આપણને ખબર નથી અપાર હોય એવું બની શકે ફંડનો અભાવ હોય એવું બની શકે જેના કારણે જિનાલય માં આ રીતે ખુલ્લામાં મૂર્તિઓ મૂકવામાં આવી છે. આગળ જતા કોઈપણ રીતે સુધાર થાય જીર્ણોદ્ધાર થાય ધુમતી ની અંદર આની સ્થાપના થાય.

આગળ વાત કરી તે પ્રમાણે બે કલ્યાણક પદ્મપ્રભુ સ્વામીના તપ અને કેવળજ્ઞાન કલ્યાણક પભોશાતીર્થ માં થયા હતા એ કૌશાંબીથી માત્ર 15 કિલોમીટર દૂર આ તીર્થ આવેલું છે. જેને પ્રભાસગીરી પર્વત કહેવામાં આવે છે. પર્વતની અંદર અમુક સોપાન ચડ્યા બાદ આપણને અઢળક અવશેષો પ્રાપ્ત થાય છે પણ આપણે જઈએ તો ચરણ પાદુકાઓ પ્રાચીન પ્રતિમાઓ એવા આપણને થાય છે અવશેષો પ્રાપ્ત થાય છે. એક સમયમાં ખૂબ જ સમૃદ્ધ તીર્થભૂમિ હતી એના આપણને પ્રમાણ પ્રાપ્ત થાય છે. અહી કેવી સરસ પ્રાચીન પ્રતિમા આપણને પ્રાપ્ત થઈ છે દુઃખની વાત એ છે કે ખુલ્લામાં આ પ્રતિમાઓ રાખવામાં આવી છે ખૂબ જ ખંડિત અવસ્થામાં પણ પ્રતિમાઓ છે. જે માર્ગથી ઉપર જઈ રહ્યા છીએ આપણને મળે છે માર્ગની અંદર જ આ પ્રતિમા આપણને મળે છે. રસ્તામાં ખુલ્લામાં આ રીતે પ્રાચીન ચરણ પાદુકાઓ

મળે છે, કોઈ શિલાલેખ નથી એટલે આપણને ખબર નથી પડતી કે કોની સ્મૃતિમાં આ ચરણ પાદુકાઓ છે. એક સિમ્પલ વિચારધારા એ એમ કહી શકાય કે આ પદ્મપ્રભસ્વામીના કલ્યાણકોની સ્થાપિત કરવામાં આવી છે. ઉપર  આપણે જઈએ છીએ સોપાનો પૂરા થતા ઉપર અહીં બે મોટા મોટા જીનાલયો છે. એમાં અલગ અલગ પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. સ્થાપત્ય ખૂબ જ સિમ્પલ છે. કોઈ જાતની કલાકૃતિ આમાં દેખાતી નથી કેમકે એક માન્યતા એવી છે કે આપણે ખૂબ જ દેરાસર  ભવ્ય બનાવીએ છીએ અને પ્રતિમા ખૂબ જ સામાન્ય બનાવીએ છીએ દેરાસરની કોતરણી માં ખોવાઈ જાય છે અને મૂળ પ્રતિમા મૂળ પરમાત્મા તરફ જેવા ભાવ હોવા જોઈએ એ ભૂલી જઈએ છીએ તો એ હિસાબથી ચાલે છે.

અહિ પણ  દેરાસર ખૂબ જ સિમ્પલ હોવા જોઈએ પણ પ્રતિમા ભવ્ય હોવી જોઈએ કે આપણું ધ્યાન જ એમાં પૂરેપૂરું રહે છે એ હિસાબે પૂર્વજોએ જિનાલયો બંધાવ્યા હશે. અહીં નુતન પ્રતિમાઓ સ્થાપિત કરવામાં આવી છે. પ્રાચીન પ્રતિમાઓનું પણ દર્શન થાય છે. ખૂબ જ પ્રાચીન નવમી સદીની પ્રતિમા અહીં બિરાજમાન છે. જમણી તરફ માન સ્તંભ બિરાજમાન છે.અતીત વર્તમાન અને અનાગત ચોવીસીના અહીં દર્શન થાય છે. મહા વીર સ્વામી ભગવાન અહીં પધાર્યા હતા. એની સ્મૃતિ રૂપ ખૂબ જ વિશાળ પ્રતિમા  અહીં બિરાજમાન છે. ચંદન બાળા દ્વારા મહાવીર સ્વામી ભગવાનનું પારણું થયું હતું સ્મ્રુતિરુપ એક પ્રતિમા બનાવવામાં આવી છે. એક  વિશાળ કીર્તિસ્થંભની રચના મળે છે.  પૂરાતત્વિક દ્રષ્ટિએ જોઈએ તો ખૂબ જ ખૂબ જ પ્રાચીન પ્રતિમાઓ આપણને પ્રાપ્ત થઈ છે. એને એક રૂમની અંદર સંગ્રહિત કરીને રાખવામાં આવી છે. પાંચ અલગ અલગ તીર્થંકર જે બાળ બ્રહ્મચારી રહ્યા હતા. પંચ પાલેતીની પ્રતિમા અહીં સ્થાપિત કરવામાં આવી છે  જે ૧૬મિ  સદીની પ્રતિમા છે. આદિનાથ ભગવાનની 100 વર્ષ પ્રાચીન પ્રતિમા છે પદ્મપ્રભ સ્વામીની 700 વર્ષ જૂની પ્રતિમા છે. આદિનાથ ભગવાનની સોળમી સદીની પ્રતિમા છે. આવી ઘણી બધી પ્રાચીન પ્રતિમાઓ આપણને પ્રાપ્ત થાય છે. ખૂબ જ વિરાન થઈ ગયેલા 16મી સદીના ખંડિત પ્રતિમા એવી કયા તીર્થંકર ભગવાનની છે એની આપણને ખબર પડતી નથી એનો લેખ જે છે એ પૂરો ભુસાઈ ગયો છે. અજ્ઞાત તીર્થંકર ભગવાનની પ્રાચીન પ્રતિમા આપણને મળે છે. પ્રાચીન સર્વતોભદ્રની પ્રતિમા

નો એક ભાગ આપણને મળે છે જે 11 મી સદીનો છે એનું ખૂબ જ પ્રાચીન પુરાતત્વિક પ્રમાણ આપણને મળે છે અને નવમી શતાબ્દીના પણ અલગ અલગ અવશેષો પ્રાપ્ત થાય છે. એટલે આ તીર્થ   કેટલું પ્રાચીન છે એનું અનુમાન આપણે લગાડી શકીએ છીએ. આજે પણ  દિગંબર સંપ્રદાય આને  ખૂબ જ પવિત્ર માને છે અને અહીંની યાત્રા કરે છે

*********************************************************************

JAIN SAHITYA ACADEMY TRUST